
ગાંધીનગર સમાચાર

ગાંધીનગર જિલ્લા કક્ષાની સ્પે. ખેલમહાકુંભ સ્પર્ધાઓની તારીખ બદલાઈ

# લ્યો...શું દિવાળી વેકેશનમાં બાળકો અહીં રમશે?!

**સે-૩૦માં જયાં સાફસફાઈ થતી નથી તેવી જગ્યાએ રમતના સાધનો લગાડી દેવાયા : ઝાડી-જાંખરાને કારણે બાળકોને ઝેરી જીવજંતુ કરડવાનું જોખમ : કેટલાક રમકડાં તો દેખાતા પણ નથી તેટલી વનસ્પતિ ઉગી નીકળી છતાં દુર્લક્ષ સેવાઈ રહ્યું છે**





ગાંધીનગર, તા.૧૭

દિવાળીનું વેકેશન આવી પહોંચ્યું છે. બાળકોને મન વેકેશન એટલે મોજ મજા અને રમત. જો કે ગાંધીનગરના સે-૩૦માં બાળકોને આ વેકેશન નિરાશ કરનારું સાબિત થવાનું છે કારણ કે સેકટરમાં બાળકોને રમવા માટે લગાડાયેલા રમતના સાધનો બદતર હાલતમાં છે. આ સાધનો એવી જગ્યાએ લગાડાયા છે જયાં કોઈ જ સફાઈ કામ થતું નથી જેના કારણે સાધનોની આસપાસ એટલા ઝાડી-જાંખરા વગેરે ઉગી નીકળ્યાં છે કે બાળકો માટે તેનો ઉપયોગ કરવો શકય નથી. જો ઉપયોગ કરે તો સાપ-વીંછી જેવા જીવો કરડવાનું જોખમ પણ તોળાઈ રહ્યું છે જેથી બાળકોની રમત જીવલેણ બની શકે તેવી શકયતા છે.

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દરેક વોર્ડના કોર્પોરેટર્સને દરેક સેકટરમાં બાળકોને રમવા માટે હિંચકા, લપસણી, બતક વગેરે જેવા રમતના સાધનો ગ્રાન્ટ પેટે આપવામાં આવ્યા હતા. આ સાધનો કયાં લગાડવા તે અંગે કોર્પોરેટર્સ ને સત્તા આપવામાં આવી હતી. શહેરના અનેક સેકટરોમાં બાળકોના રમતના સાધનો અમુક પસંદગીના મકાનો નજીક પુરતી યોગ્ય જગ્યા ના હોવા છતાં ઓળખિતા પાળખિતાના કહેવા મુજબ લગાડી દેવાયા હોવાની બુમો તો ઉઠવા પામી જ હતી. સે-૩૦માં તો આ સાધનો એવી જગ્યાએ લગાડવામાં આવ્યા છે જયાં કોઈ પ્રકારની સાફ સફાઈ પણ કરવામાં આવતી નથી. વળી, અહીં એટલા પ્રમાણમાં ઝાડી-જાંખરા વગેરે ઉગી નીકળ્યા છે કે નાના રમકડાં તો દેખાતા સુધ્ધાં નથી અને મોટા સાધનો સુધી પણ બાળકોને જવું જોખમ ભર્યું છે. આમ પણ ગાંધીનગરમાં સાપ, વીંછી, ઘો જેવા વન્ય જીવોનું જોખમ વધુ છે ત્યારે આ રમતના સાધનો બાળકો માટે જીવલેણ સાબિત થઈ શકે તેવી પરિસ્થિતિ ઉભી થવા પામી છે. સે-૩૦માં ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાનો સામે 'ચ' ટાઈપના આવાસો સામેના ભાગમાં લગાડાયેલા આ સાધનો ચર્ચાનો વિષય બન્યા છે. બાળકોને દિવાળી વેકેશનનો પ્રારંભ થાય તે પહેલા સત્વરે અહીં આ સાધનોની આસપાસ સાફ સફાઈ કરી જગ્યાને ચોખ્ખી બનાવાય જેથી બાળકો જોખમ વગર રમી શકે તેવી સેકટરવાસીઓમાં માંગ ઉઠવા પામી છે.

## @ગાંધીનગર

● ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસીસ સ્વીમીંગ ટુર્નામેન્ટનો ઉદઘાટન સમારોહ સાંજે ૫.૦૦ કલાકે સે-૨૧ જીમખાના ખાતે યોજાશે.

● અનુસુચિત જાતિ એકતા મંચની બેઠક સાંજે ૬.૦૦ કલાકે સે-૧૨, ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ ખાતે યોજાશે.

## શ્રી સમસ્ત બ્રહ્મ સમાજનો જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા.૧૭

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ અમદાવાદ શહેર પશ્ચિમ દ્વારા ઓલ ઈન્ડીયા બ્રાહ્મણ ફેડરેશન સાથે સંલગ્ન પ્રશ્ચિમ વિસ્તારનું જીવન સાથી પસંદગી સંમેલન આગામી તા.૧૮-૧૨-૧૬ના રોજ યોજાનાર છે. લગ્ન ઈચ્છુક યુવક યુવતિઓએ તેમજ વાલીઓએ આ જીવનસાથી પસંદગી મેળાના આ અંગેના ગાંધીનગર ખાતેના ફોર્મ સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના મંત્રી અશ્વિન ત્રિવેદી એડવોકેટ, ઓફીસ ૨૦૬, સુમન ટાવર, સેકટર-૧૧ ગાંધીનગર ખાતેથી મેળવી તા.૨૫-૧૧-૧૬ સુધીમાં રૂ.૭૦૦ની ફી સાથે જમા કરાવવા અપીલ કરવામાં આવી છે. જીવન સાથી પસંદગીમાં ભાગ લેનાર સભ્યોને કલર ફોટા તથા બાયોડેટા સાથેનું કાર્ડ તેમજ ત્રણ ભોજન પાસ આપવામાં આવશે. જેથી સત્વરે ફોર્મ ભરી પરત આપવા મંત્રી અશ્વિન ત્રિવેદીએ અનુરોધ કર્યો છે.

## ઓમલેન્ડમાર્ક શાળા ખાતે શરદોત્સવના ગરબા યોજાયા

ગાંધીનગર, તા.૧૭

આસો સુદ પુનમ (શરદ પુનમ) ભકિત અને શકિત સ્વરુપ મા આદ્યશકિતની આરાધના કરવા પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ ઓમલેન્ડ શાળા ખાતે પટાંગણમાં આવી શરદ પુનમની રાત ગરબા યોજાયા હતા. જેમાં બાળકો સુંદર ટ્રેડીશનલ ડ્રેસમાં મનમુકીને ગરબે ઘુમ્યા હતા. આ વર્ષે નવરાત્રીમાં વરસાદ વિલન બનતા ખૈલેયાઓમાં નિરાશા વ્યાપી જવા પામી હતી. ત્યારે ઓમલેન્ડમાર્ક શાળા પરિવાર દ્વારા શરદપુનમના ગરબા યોજાતા બાળકો મનમુકીને ગરબે ઘુમ્યા હતા. મોકળાશવાળા ગ્રાઉન્ડમાં સુંદર લાઈટીંગ તેમજ સાઉન્ડ અને ગીત સંગીતના સથવારે ગરબામાં ખૈલેયાઓ મનભરીને ગરબે ઘુમી શરદપુનમની ઉજવણી કરી હતી. આ ગરબા મહોત્સવમાં ઓમલેન્ડમાર્ક શાળાના ટ્રસ્ટી ગીરીશભાઈ રાવલ અને અશોકભાઈ રાવલ પોતાના પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા.





અંધશાળા, સેકટર-૧૬ ખાતે ગાંધીનગર જિલ્લા કક્ષાનો દિવ્યાંગો માટેનો ખેલ મહાકુંભ ૨૦૧૬ યોજાયો હતો. આ સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લામાંથી ૧૩૮ સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો જેમાં અંધશાળા, ગાંધીનગરને ૨૨ જેટલા ઈનામો પ્રાપ્ત થયા છે.

## વધતી ગરમીથી વસાહતીઓ ત્રસ્ત

ગાંધીનગર, તા.૧૭

મિશ્ર વાતાવરણનો દોર હજુ ચાલુ જ છે. દિવસે આકરી ગરમી અને રાત્રે વાતાવરણમાં ઠંડક છવાઈ જાય છે. આજે મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી સુધી પહોંચી જતા ઉનાળા જેવી ગરમી અનુભવાઈ હતી.

નવરાત્રી બાદ વાતાવરણમાં સતત પરિવર્તન આવી રહ્યું છે. કયારેક ગરમી તો કયારેક ઠંડકનો અનુભવ થાય છે. દિવસે મહત્તમ તાપમાન વધુ રહેતા વસાહતીઓ અકળાઈ જાય છે. મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચેનું અંતર વધી રહ્યું છે. આજે મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી સુધી પહોંચી જતા ઉનાળા જેવી આકરી ગરમી અનુભવાઈ હતી. વસાહતીઓ માંડ ઘરની બહાર નીકળતા હતા તડકો ખુબ તીખો રહ્યો હતો ગરમી પણ ખુબ અનુભવાતી હતી. જો કે લઘુત્તમ તાપમાન ૨૧.૨ ડિસે નોંધાતા વાતાવરણમાં ઠંડક અનુભવાતી હતી. ભેજનું પ્રમાણ સવારે ૭૩ ટકા અને સાંજે ૫૫ ટકા રહ્યું હતું.

## વાતવાતમાં

● ગાંધીનગરમાં કોરિયાની કબડ્ડી ટીમે સાઈની મુલાકાત લીધી ત્યારે મેદાનમાં કૂતરાના છ સાત ગલુડિયા જોઈ કોરિયન ખેલાડીઓ ગેલમાં આવી ગયા હતા. કોરિયન ખેલાડીએ ગલુડિયાને ખૂબ રમાડયા અને તેમને ખોળામાં લઈને તસવીરો પણ ખેંચાવી હતી.

● દર વર્ષની જેમ આ વર્ષે પણ જૈન સોશ્યલ ગૃપ દ્વારા તા. ૨૨-૨૩ ઓકટોબર દરમિયાન સે-૭માં સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજવાડી ખાતે 'દિવાળી શોપીંગ મેલા'નું આયોજન કર્યું છે. આ શોપીંગ મેલાનો શુભારંભ ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવિણભાઈ પટેલના હસ્તે કરવામાં આવનાર છે.

● ગાંધીનગરના સે-૨૩ કડી શિક્ષણ સંકુલ નજીક એક સ્કૂલવાનની હડફેટે નાનું બાળક આવી ગયું હતું. આ ઈજાગ્રસ્ત બાળકને સારવાર અર્થે તાત્કાલિક સિવિલ હોસ્પિટલ લઈ જવાયું હતું ત્યાંથી વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડવાની ફરજ પડી હતી.

● આજે મહાત્મા મંદિર ખાતે ઉચ્ચતર શિક્ષણ માટે વૈશ્વિક ચિંતનમાં ભાગ લેવા જાણીતી વિશ્વ વિદ્યાલયોનો ઉપકુલપતિઓ ગાંધીનગર આવી રહ્યા છે. દેશના પ્રખર શિક્ષણવિદો વૈશ્વિક ચિંતનમાં જોડાશે.

## સે-૫ પ્રેરણા સ્કુલ ખાતે કાનૂની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરની સેકટર-૫ સ્થિત આવેલ પ્રેરણા શાળા ખાતે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના ઉપક્રમે કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોને કાનૂની સેવા અને તેમનુ રક્ષણ વિષય પર વિસ્તૃત માર્ગદર્શન પુરુ પાડવાં આવ્યું હતું. આ પ્રસંગે મોટીસંખ્યામાં બાળકો હાજર રહ્યા હતા.





સુપ્રિમ કોર્ટની નેશનલ લીગલ સર્વીસ ઓથોરીટી દ્વારા સાત સ્કીમો પૈકી એવી ચાઈલ્ડ ફ્રેન્ડલી લીગલ સર્વીસીજ રુલ્સ ચિલ્ડ્રન એન્ડ ઘેર પ્રોટેકશન સ્કીમ ૨૦૧૫ બાળકોને કાનૂની સેવા તથા તેમનુ રક્ષણ અંતર્ગત જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ ગાંધીનગરના પેરાલીગલ વોલન્ટીયર દ્વારા કાનુની વિષય વિસ્તૃત માહિતી પુરી પાડી હતી. આ શિબિરમાં સંજય પરમાર, રાજલબેન ગજેરા, પરેશ જોષી, પેરાલીગલ વોલન્ટીયર સુધીર દેસાઈ, રાજુ ગજ્જર, સીતારામ પટેલ, જીગીષા ઉપાધ્યાય સહિતના હોદેદારોએ બાળ સુરક્ષા, બાળકોના અધિકારો, કાનૂની સેવા સતામંડળની વિવિધ યોજના અંગે રાઈટ ટુ એજયુકેશન બાળ યોજનાની અનિવાર્યતા તથા ધર્મ અને કાયદાનો સમન્વય વગેરે પર વકતાઓએ પ્રેરણાદાયી વકતવ્ય આપ્યુ હતું. શાળાના અભ્યાસ કરતા ૨૫૬ વિદ્યાર્થીઓએ કાનૂની શિબિરનો લાભ લીધો હતો. શાળાના આચાર્ય મનિષ ખત્રીએ મહેમાનોનો આભાર વ્યક્ત કર્યો હતો.







શહેરમાં કબડ્ડીની રમતનું પ્રમોશન કરવા કબડ્ડી વર્લ્ડ કપનું પ્રસારણ કરતી ખાનગી ચેનલ દ્વારા વિવિધ સોસાયટીઓમાં જઈ બાળકોને કબડ્ડી રમાડવામાં આવે છે. બાળકોમાં પણ આ ભારતીય પરંપરાગત રમત ફરી એકવાર ખૂબ લોકપ્રિય થઈ રહી છે. તાજેતરમાં ન્યુ ગાંધીનગરના કુડાસણ ખાતે શ્રીનાથ હોમ્સ સોસાયટીમાં કબડ્ડી વર્લ્ડ કપના પ્રમોશનનો કાર્યક્રમ યોજાયો ત્યારે બાળકો ગેલમાં આવી ગયા હતા. ચેનલવાળાઓએ બાળકોને કબડ્ડી રમાડી ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા.

## ગાંધીનગર જિલ્લા કક્ષાની સ્પે. ખેલમહાકુંભ સ્પર્ધાઓની તારીખ બદલાઈ

ગાંધીનગર જિલ્લા કક્ષાની સ્પે. ખેલમહાકુંભ (શારીરિક ક્ષતિગ્રસ્ત) ખેલાડીઓની સ્પર્ધા તા. ૧૮ અને ૧૯ ઓકટોબર, ૨૦૧૬ના રોજ યોજાનાર હતી. હવે, આ તા. ૧૮મી ઓકટોબર, ૨૦૧૬ના રોજ યોજાનાર એથ્લેટીક્સ સ્પર્ધા તા. ૨૫મી ઓકટોબરના રોજ અને તા. ૧૯મી ઓકટોબરના રોજ યોજાનાર વોલીબોલ તથા ક્રિકેટ સ્પર્ધા તા. ૨૬મી ઓકટોબર, ૨૦૧૬ના રોજ પી.કે. ચૌધરી કોલેજ, સેકટર-૭, ગાંધીનગર ખાતે યોજાશે. તે ઉપરાંત માનસિક ક્ષતિગ્રસ્ત ખેલાડીઓની સ્પે. ખેલમહાકુંભ સ્પર્ધા જે તા. ૨૩મી ઓકટોબર થી જગ્યાએ તા. ૨૪ ઓકટોબર, ૨૦૧૬ના રોજ શ્રી પી.કે. ચૌધરી કાલેજ, સેકટર-૭, ગાંધીનગર ખાતે યોજાશે.

આ અંગેની વધુ વિગતો અને જાણકારી માટે શારિરીક ક્ષતિગ્રસ્ત ખેલાડીઓએ કન્વીનર શ્રી વિજયભાઈ બાંભણીયા, મોબાઈલ નંબર-૮૦૦૦૮૧૫૫૧૯ પર અને માનસિક ક્ષતિગ્રસ્ત ખેલાડીઓએ કન્વીનર શ્રી જિજ્ઞેશભાઈ રાવલ, મોબાઈલ નંબર-૯૮૯૮૭૮૭૫૨૦પર અથવા જિલ્લા રમતગમત અધિકારી, ગાંધીનગરના મોબાઈલ નંબર-૯૭૩૭૧૬૧૧૩૩ પર સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે. ઉપરોક્ત ખેલાડી ભાઈ-બહેનોએ સ્થળ પર સવારના ૮.૦૦ કલાકે રીપોર્ટ કરવાનો રહેશે.

# ગાંધીનગરની મુલાકાતથી કોરિયન કબડ્ડી ટીમ પ્રભાવિત

**કોરિયન ટીમ સાથે યુએસએ અને આર્જિન્ટિનાના કેટલાક ખેલાડીઓ પણ શહેરની મુલાકાતે આવ્યા : ખેલાડીઓએ સાઈ સંકુલ તથા ઈન્દ્રોડા નેચર પાર્કની મુલાકાત લીધી : સોમવાર હોવાથી અક્ષરધામની મુલાકાતથી વંચિત રહેવું પડયું**

ગાંધીનગર, તા.૧૭

અમદાવાદ ખાતે ચાલી રહેલ કબડ્ડી વર્લ્ડ કપના લીધે શહેરમાં કબડ્ડીનો જાણે ફીવર ચાલી રહ્યો છે. યુવા વર્ગમાં આ પરંપરાગત ભારતીય રમત વધુને વધુ લોકપ્રિય થઈ રહી છે. વળી કબડ્ડી વર્લ્ડ કપ રમવા આવેલ ટીમો એક પછી એક ગાંધીનગરની મુલાકાત લઈ રહી છે. આ કારણે પણ શહેરના ખેલ રસિકોમાં આનંદની લાગણી છવાઈ છે. આ વર્ષના કબડ્ડી વર્લ્ડ કપની પ્રથમ મેચમાં જ ભારતીય ટીમને પરાસ્ત કરનાર કોરિયન કબડ્ડી ટીમે ગાંધીનગરની મુલાકાત લીધી હતી. આ સાથે યુએસએ તથા આર્જેન્ટિનાની ટીમના કેટલાક ખેલાડીઓ પણ આવ્યા હતા.

કબડ્ડી એ ભારતીય રમત હોવાને લીધે સ્વાભાવિક રીતે જ ભારતનું વર્ચસ્વ આ રમતમાં રહ્યું છે. આમ છતાં કબડ્ડી વર્લ્ડ કપની પ્રથમ મેચમાં જ કોરિયન ટીમે ભારતને હરાવ્યું હતું. કોરિયામાં કબડ્ડી હજુ એટલી લોકપ્રિય ના હોવા છતાં કબડ્ડી ટીમ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી રહી છે. જે કોરિયનોની રમત પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.



કોરિયન કબડ્ડી ટીમે આજે ગાંધીનગર ખાતેની મુલાકાત દરમિયાન સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા-સાઈ સંકુલની મુલાકાત લઈ અહીંની સવલતો, મેદાનો તથા કાર્ય પધ્ધતિ અંગે માર્ગદર્શન મેળવ્યું હતું. આ ટીમને સાઈના કબડ્ડીના કોચ જયવીર શર્મા તથા ડૉ. જી.વી. ચુગ હેન્ડબોલ કોચ શશિમોહન ધુમાલ અને સાઈના અધિકારી નરેન્દ્ર પટેલ વગેરેએ મુલાકાતી ખેલાડીઓનું માર્ગદર્શન કરી જરૂરી માહિતી પુરી પાડી હતી. કોરિયન ટીમના ખેલાડીઓ સાથે તેમના કબડ્ડી ફેડરેશનના પ્રમુખ સહિતના અધિકારીઓ પણ સામેલ હતા તેમજ એક મહિલા ખેલાડી પણ મુલાકાતે આવ્યા હતા. સાઈની મુલાકાત બાદ આ ખેલાડીઓને અક્ષરધામ મંદિર જોવું હતું પરંતુ સોમવારે અક્ષરધામ બંધ રહેતું હોવાથી છેવટે ટીમે ઈન્દ્રોડા નેચર પાર્કની મુલાકાત લીધી હતી. ગાંધીનગરની મુલાકાતથી ખેલાડીઓ પ્રભાવિત થયા હતા અને સાઈની સુવિધાઓના વખાણ કર્યા હતા.

અમારા કોરિયામાં કબડ્ડી એટલી લોકપ્રિય રમત નથી પરંતુ આ રમતમાં ખેલાડીઓ એકબીજાનો હાથ પકડીને ચેઈન બનાવી રમત રમે છે તે વાત મને ખૂબ પસંદ પડી ગઈ હતી. આ કારણે મેં કબડ્ડી રમવાનું પસંદ કર્યું હતું. અમને ભારતના કોચ જયવીર શર્મા સહિત અન્ય કોચ દ્વારા તાલીમ મળી છે. આગામી સમયમાં કબડ્ડીની રમતનો ઘણો સારો વિકાસ થવાની શકયતાઓ દેખાય છે હું ભારત બીજી વાર આવ્યો છું, અહીંની સંસ્કૃતિ મને ખુબ આકર્ષે છે.



**- ડોન્ગ જ્યુ હોંગ**
**કેપ્ટન, કોરિયન કબડ્ડી ટીમ**

## હેન્ડબોલના વિજેતાઓનું અભિવાદન



બાંગ્લાદેશના ઢાકા ખાતે રમાયેલ ઈન્ટરનેશનલ હેન્ડબોલ ફેડરેશન-આઈએચએફ ચેમ્પિયન ટ્રોફીમાં ભારતની બોયઝ અને ગર્લ્સ બંને ટીમો વિજેતા બની છે. ઘણા વર્ષો પછી ભારતને મળેલી સફળતા પાછળ સાઈ ગાંધીનગરના હેન્ડબોલ કોચ શશિમોહન ધુમાલનો ખૂબ મોટો ફાળો રહ્યો છે. વળી આ સ્પર્ધામાં ગાંધીનગરના અનિલ ખુડિયાએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતા 'બેસ્ટ પ્લેયર'નો ખિતાબ પણ હાંસલ કર્યો હતો. શશિમોહન ધુમાલ, અનિલ ખુડિયા ઉપરાંત ગાંધીનગરના ખેલાડી ધ્રુવ પટેલનું પરત ફરતા જ સાઈના રિજીયોનલ ડાયરેકટર આર.કે. નાયડુએ ભાવભર્યું સ્વાગત કરી તેમને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

## ચિરવિદાય

- સ્વ. પરભુભાઈ વનાભાઈ રાવળ, ઉ.વ. ૬૬
- સ્વ. સવિતાબેન મફાભાઈ બજાણીયા, ઉ.વ. ૭૮